


EXT Number : 8

**પ્રશ્ન ૧: ઘરમાં કઇ જગ્યાએ ધન-સંપત્તિ મૂકી શકાય? ખાસ કરીને તિજોરી ક્યાં રાખવી તેની દિશા તથા જગ્યા બતાવશો. જેનાથી ધનની વૃદ્ધિ થાય (એક બહેન, ઓરેન્જ વીલ).**

**જવાબ :** તમારો પ્રશ્ન સીધો પ્રશ્ન છે કે પૈસા કેમ બનાવવા અને કઇ રીતે ધનવાન થવાય? જરૂર વાસ્તુ શાસ્ત્રમાં ધન ભંડાર ક્યાં રાખવો અને તેનાથી ધનની વૃદ્ધિ કેવી રીતે થાય તેના દરેક ઉપાય હું જણાવીશ. પહેલા તો તમારૂ ઘર વાસ્તુ શાસ્ત્ર પ્રમાણે હોવું જોઇએ, જેના કારણે ઘરમાં સુખ અને શાંતિ રહે જેનાથી લક્ષ્મીનો વાસ આપણાં ઘરમાં રહે માટે આ બાબતનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. ઘણી વખત આપણે જોતા હોઇએ છીએ કે ઘરમાં કકળાટ-કંકાસ થતો હોય છે અને તે પણ એક કારણ છે કે ઘરમાં લક્ષ્મીનો વાસ રહે નહીં. માટે બને તેટલું ઘરમાં શાંતિનું વાતાવરણ બને તો લક્ષ્મીનો વાસ થાય. બીજી વસ્તુ એ છે કે ધન ભંડાર દક્ષિણ દિશામાં રાખવો અને તે ઉત્તર દિશામાં ખુલે જેનાથી બ્રહ્માંડમાં વિશ્વનું ભગવાન અને લક્ષ્મીજી તથા કુબેર ભંડાર ઉત્તર-દિશામાં વસે છે. માટે જ્યારે તમે ધન ભંડાર ખોલો ત્યારે તે ઉત્તર તરફ ખૂલે છે અને તમારા ઘરની લક્ષ્મીને સ્થિર કરે છે. જો તમે આ બધુ ધ્યાન રાખશો તો જરૂરથી ધનવાન થશો.

**પ્રશ્ન ૨: અમે હાઇ-વે ઉપર ફૂડ સ્ટોર અને રેસ્ટોરન્ટ લીધો છે પરંતુ કોઇ કારણોસર તેનું સેલ ઓછું થાય છે અને ઘણી વખત ગ્રાહકો ફૂડ પાછુ આપે છે તો વાસ્તુ શાસ્ત્રની દૃષ્ટિ અમારા સ્ટોરમાં શું ખામી હોઇ શકે? તેનું યોગ્ય નિવારણબ બતાવશો.**
**(એક ભાઇ, હેમિલ્ટન)**

**જવાબ :** સામાન્ય રીતે રેસ્ટોરન્ટ ન ચાલવો કે ખાવા-પીવાની વસ્તુઓનું વેચાણ ઓછું થતું હોય તેના ઘણાં કારણો હોઇ શકે પરંતુ આપણે વાસ્તુ શાસ્ત્રની દૃષ્ટિએ શું ફેરફાર કરી શકાય અને તેનાથી તમને શું ફાયદો થશે તે હું જણાવીશ. સૌ પ્રથમ જે તમારૂ કિચન છે તેમાં મુખ્ય ચૂલો છે તેના ઉપર તમે વધારે કામ કરો અને જ્યારે તમે કિચનમાં હો ત્યારે તમારૂ મોઢું ખાવા-પીવાની વસ્તુ બનાવતી વખતે પૂર્વ દિશામાં હોવું જોઇએ જેનાથી તમારૂ ધ્યાન વસ્તુ જે બનાવો છો તેના ઉપર વધારે રહેશે અને તેના કારણે તેના ટેસ્ટમા સુધારો થશે. તદુપરાંત જ્યાં તમે બધી ખાવા-પીવાની વસ્તુઓ સંગ્રહ કરો છો તે રૂમ ઉત્તર-પશ્ચિમ તરફ એટલે કે વાયવ્ય ખૂણામાં રાખો જેનાથી ત્યાં સંગ્રહ કરેલી વસ્તુ હંમેશા તાજી રહેશે. માટે તમે આ બધી બાબતો તમારો ધંધો વધારવામાં અને ગ્રાહકોને સંતોષ આપવામાં મદદ કરશે.
કલ્પેશ જોષી.

**તમારા વાસ્તુશાસ્ત્રને લગતા પ્રશ્નો અમને વતનના ઈમેઈલ INFO@VATANNEWS.CA ઉપર મોકલી આપો અને વાસ્તુ વિઝન તરફથી $ ૨૫ નું ફ્રી ગીફ્ટ સર્ટીફીકેટ મેળવો.**




**લીગલ ડિસ્કલેમર : આ કોલમમાં આપવામાં આવતી વાસ્તુ શાસ્ત્રની સલાહની સત્યતાની 'વતન' ખાતરી આપતું નથી. વ્યક્તિગત ધોરણે સ્વીકારેલી સલાહની જવાબદારી પોત પોતાની રહેશે અને સવાલ પૂછનાર અને જવાબ આપનાર વચ્ચેની કોયપણ નાણાકીય લેવડદેવડ ફી સાથે 'વતન' નો કોઈ સંબંધ નથી.**

MISHRA BARRISTER Prof. Corp.
Personal Injury Lawyer





Subodh Mishra
Barrister, Solicitor &
Notary Public

Car Accidents
(Tort & Accident Benefits)
Wrongful Death
Long Term Disability
Slip & Fall
Family Law
Medical Malpractice
Real Estate

2 Robert Speck Parkway
Suite 750
Mississauga, ON L4Z 1H8
T. 905.306.3430
F. 905.306.3438
Email: mishralaw@gmail.com
www.mishralaw.ca

Free Initial Consultation

BUY MONEY
SELL MONEY
તમારા સગાઓ અને મિત્રોને પૈસા મોકલવા અને મંગાવવા માટેનું ઉત્તમ સ્થાન એટલે
JACK FILLED
FOREIGN EXCHANGE
ZAKIRBHAI
905-201-8111 / 416-242-4932 / 416-439-9995
આપને ઘરે બેઠાં સેવા આપીશું.
અમે ફક્ત બૅન્ક ચેક અને ડ્રાફ્ટ સ્વીકારીએ છીએ.
રૂપિયાની ડિલિવરી પછી પેમેન્ટ (ક્રેડીટને આધારે)
1 VALID PICTURE ID REQUIRED
SALES PERSONS
Kamalbhai, Rizanbhai, Ashishbhai, Patelbhai
29 Fonda Road, Markham, ON L3S 3X3